અપીલ અરજી નં.૨૦૪ તા.૫–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રમિક એકતા પરિષદ તરફે શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૬–૦૯ ની અરજીથી (૧) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એના કામઅંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં? (૨) તા.૨૪–૬–૦૯ નાં રોજ માહિતી /અધિકાર મારફતે મળેલ જવાબમાં જણાવ્યું છે કે ઝુંપડાઓના ભાગલા પાડી શકાય નહીં એવો પશ્ન પુછેલ નથી. લોકેશન ૯૧ કયા વર્ષમાં અને કયા મહિનામાં અને કઈ તારીખે અમલમાં આવ્યું (૩) સુ.મ.પા. એ જાહેર કરેલ સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમિન પર લોકેશન ૯૧ લાગેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર, મ.ન.પાલિકા, ખાનગી માલિકીની જમિન પર વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૪/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૬–૦૯ નીઅરજીથી (૧) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એના કામઅંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં? (૨) તા.૨૪–૬–૦૯ નાં રોજ માહિતી /અધિકાર મારફતે મળેલ જવાબમાં જણાવ્યું છે કે ઝુંપડાઓના ભાગલા પાડી શકાય નહીં એવો પશ્ન પુછેલ નથી. લોકેશન ૯૧ કયા વર્ષમાં અને કયા મહિનામાં અને કઈ તારીખે અમલમાં આવ્યું (૩) સુ.મ.પા. એ જાહેર કરેલ સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમિન પર લોકેશન૯૧ લાગેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર, મ.ન.પાલિકા, ખાનગી માલિકીની જમિન પર વિ. માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૧૬ તા.૧૭–૭–૦૯ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૮ તા.૧૩–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને દોઢ માસના વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણું અને આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૦૯ ની અરજીથી ઉપરોકત જણાવેલ વિષય બાબતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૧૬ તા.૧૭–૭–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી તા.૫–૧૦–૦૯ ના રોજ દોઢ માસના વિલંબથી કરેલ અપીલ અરજીમાં અરજદારે માંગેલ માહિતી સમય મર્યાદાની અંદર મળેલ નથી એવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારે તા.૩૦–૬–૦૯ ના રોજ માહિતી માંગતી અરજી કરેલ છે જેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૭–૦૯ ના રોજ સમય અવધિમાં પૂરી પડાયેલ છે તેથી અરજદારની અપીલમાં કરેલ સમય મર્યાદાની રજૂઆત અસ્થાને છે. અરજદારને માંગેલ માહિતીના મુદ્દા નં. (૧) સુ.મ.પા. નાં કાયમી વેરો ભરનાર નાગરીક એના કામ અંગેના સંબંધિત વિભાગને ઉદ્દેશીને અરજી કરે તો અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવાની જવાબદારી સંબંધિત વિભાગનાં અધિકારીઓની છે કે નહીં?. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી "અરજદારોના કામ અંગે કાર્યવાહી કરવા અથવા અરજદારોને જવાબ આપવા માટે કરદાતાઓની અરજીના ગુણદોષને ધ્યાનમાં લઈ જે તે વિભાગના લાગત જવાબ પાઠવવા જોગ હોય તો જવાબ આપી શકે અને અરજી દફતરે કરવા જોગ હોય તો તે તે પ્રમાણે દફતરે કરી શકાય છે તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) તા.૨૪–૬–૦૯ નાં રોજ માહિતી /અધિકાર મારફતે મળેલ જવાબમાં જણાવ્યું છે કે ઝુંપડાઓના ભાગલા પાડી શકાય નહીં એવો પશ્ન પુછેલ નથી. લોકેશન ૯૧ કયા વર્ષમાં અને કયા મહિનામાં અને કઈ તારીખે અમલમાં આવ્યું. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી " સદર બાબતે સને ૧૯૯૫–૯૬ થી જે તે સમયના કમિશ્નરશ્રીની મૌખિક સૂચના મુજબ સ્લમ વિસ્તાર (ઝુંપડપટ્ટી વિસ્તાર) ને લોકેશન ૯૧ માં ફેરવવામાં આવેલ છે." તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. (૩) સુ.મ.પા. એ જાહેર કરેલ સ્લમ વિસ્તારોમાં કોની માલિકીની જમિન પર લોકેશન૯૧ લાગેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર, મ.ન.પાલિકા, ખાનગી માલિકીની જમિન પર વિ. માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ માં જણાવ્યા મુજબ દરેક વોર્ડમાં આવતા ઝુંપડપટ્ટી વિસ્તાર (સ્લમ વિસ્તાર)ને લોકેશન ૯૧ આપવામાં આવેલ છે. જે બાબતે કેન્દ્ર સરકાર, રાજય સરકાર, મહાનગરપાલિકાની કે ખાનગી જમીનની માલિકીપણાના લક્ષને આકારણી ખાતામાં ધ્યાને લેવામાં આવતું નથી." તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષએથી અરજદારને પૂરી પડાયેલ છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***<u>પ્રતિ</u>***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી.વરાછાઝોન.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ